પ્રેસ જાહેરાત PRESS RELEASE

ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA

વેબસાઇટ/Website : www.rbi.org.in
ઇ-મેલ/email : helpdoc@rbi.org.in

आज़ादी का अमृत महोत्सव

**સંચાર વિભાગ,** કેન્દ્રીય કાર્યાલય, શહીદ ભગતસિંહ માર્ગ, ફોર્ટ, મુંબઇ-400001
**Department of Communication**, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai-400001 ફોન/Phone: 022- 22660502

14 સપ્ટેમ્બર 2023

## ભારતીય રિઝર્વ બેંકે ધી વાઘોડિયા અર્બન કો-ઑપરેટીવ બેંક લિ., જિલ્લો વડોદરા, ગુજરાત પર લાદેલો નાણાકીય દંડ.

ભારતીય રિઝર્વ બેંકે (આરબીઆઇ) તારીખ 22 ઓગષ્ટ, 2023ના આદેશ દ્વારા, ધી વાઘોડિયા અર્બન કો-ઑપરેટીવ બેંક લિ., જિલ્લો વડોદરા, ગુજરાત (બેંક) પર 'નિર્દેશકો, સગાવ્હાલાં અને પેઢીઓ / સંસ્થાઓ, જેમાં તેઓનું હિત હોય, તેઓને ઋણ અને ધિરાણ' ની સાથે પઠિત 'નિર્દેશકો વિ.ને ઋણ અને ધિરાણ – જામીન/ગેરંટીકર્તા તરીકે નિર્દેશકો - સ્પષ્ટતા', 'પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો (યુસીબીસ) દ્વારા અન્ય બેંકોમાં થાપણ મૂકવી' અને 'ભારતી રિઝર્વ બેંક (સહકારી બેંકો – થાપણો પર વ્યાજના દરો) નિર્દેશો, 2016' અંતર્ગત આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશોના અપરિપાલન બદલ ₹5.00 લાખ (રૂપિયા પાંચ લાખ પૂરા)નો નાણાકીય દંડ લાદેલ છે. આ દંડ બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949ની કલમ 46 (4)(ટ) અને કલમ 56ની સાથે કલમ 47એ (1) (ગ)ને વાંચતા, તે અંતર્ગત ભારતીય રિઝર્વ બેંકને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરીને લગાવ્યો છે.

આ કાર્યવાહી વિનિયામક અનુપાલનમાં ત્રુટિઓ પર આધારિત છે અને તેનો ઉદ્દેશ ઉક્ત બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈ પણ લેણદેણ યા કરારની વૈધતા પર સવાલ કરવાનો નથી.

### પશ્ચાતભૂમિકા

31 માર્ચ, 2022ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલી બેંકનું વૈધાનિક નિરીક્ષણ (statutory inspection) અને તે સંબંધિત નિરીક્ષણ અહેવાલ, જોખમ આકારણી અહેવાલ અને સંબંધિત સમગ્ર પત્રવ્યવહારના પરીક્ષણને કારણે અન્ય બાબતોની સાથે સાથે એ બાબત જાણવામાં આવી કે બેંકે (i) એવી વ્યક્તિઓને ધીરાણ આપ્યું હતું, જેમાં બેંકના નિર્દેશકોના સગાવ્હાલાં ગેરંટીકર્તા તરીકે ઊભા હતાં, (ii) વિવેકપૂર્ણ અંતર-બેંક પ્રતિપક્ષ એક્સપોઝર મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હતું, (iii) પરિપક્વ આવર્તી થાપણો પર, પરિપક્વતાની તારીખથી ચૂકવણીની તારીખ સુધી, બચત થાપણો પર લાગૂ દર અથવા અનુબંધિત વ્યાજ દર (contracted rate of interest), બેમાંથી જે ઓછો હોય, તે મુજબ વ્યાજની ચૂકવણી કરી નહોતી, અને (iv) રવિવાર / રજાના દિવસો / બિન-કારોબારી કાર્ય દિવસે પરિપક્વ થનારી અને તેના આગળના કાર્ય દિવસો પર ચૂકવવામાં આવી હોય તેવી આવર્તી થાપણો માટે તે દિવસોનું વ્યાજ નહોતું ચૂકવ્યું. ઉક્ત બાબતના આધાર પર, બેંકને એક નોટિસ જારી કરવામાં આવી, જેમાં તેને એમ પૂછવામાં આવ્યું કે તેમાં જણાવેલ નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ તેની પર દંડ શા માટે ન લાદવો તે અંગેનું કારણ તે દર્શાવે.

બેંક દ્વારા આપવામાં આવેલા નોટિસના પ્રત્યુત્તર અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ, આરબીઆઈ એવા નિષ્કર્ષ પર આવી કે આરબીઆઈના નિર્દેશોના અપરિપાલનને લગતો ઉપરોક્ત આરોપ સાબિત થયો છે અને નાણાકીય દંડ લાદવો આવશ્યક છે.

**(યોગેશ દયાલ)**

**પ્રેસ જાહેરાત: 2023-2024/921**

મુખ્ય મહાપ્રબંધક